
મજ્જેની LIFE

# સુરતમાં તમને ભટકાઇ શકે છે અમિતાભ, સલમાન અને મોદીજી

# બોલીવુડ અને પોલિટિક્સની સેલિબ્રિટીઝના હમશકલ આ સુરતીઓને મળો

એવું કહેવાય છે ને કે દુનિયામાં સરખા ચેહરાવાળી 7 વ્યક્તિ હોય છે. જોકે, તેમાં કેટલું તથ્ય છે તે આપણે નથી જાણતા. તમને કોઈ આવીને કહે કે, સેમ તમારા જેવી વ્યક્તિને મેં જોઈ તો પહેલાં તો તમે તમ્મર ખાઈ જાઓ કે મારો હમશકલ પણ કોઈ હોઈ શકે ખરું? જોકે, એ માત્ર તમારા પૂરતું જ મહત્ત્વનું રહે સેલિબ્રિટિઝ જેમ કે પણ બોલીવુડના હીરો કે હિરોઇન કે પછી ચોક્કા અને છક્કા ફટકારતો જાણીતો ક્રિકેટર હોય અથવા તડકફડક બોલતા રાજકારણી હોય એવાના હમશકલ જોવા મળે તો તે ચર્ચાનો વિષય બની જાય. ડુપ્લીકેટ સાથે પણ સેલ્ફી માટે પડાપડી થતી હોય છે. તમને જાણીને નવાઈ લાગશે પણ સુરતમાં સદીના મહાનાયક અમિતાભ બચ્ચનના હમશકલ છે, તો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હમશકલ પણ છે. ઉપરાંત બોલીવુડના દિગ્ગજ એક્ટર્સ, પોલિટિક્સ અને ક્રિકેટ જગતના જાણીતા ખિલાડીઓ જેવા દેખાતા વ્યક્તિઓ પણ આપણા સુરતમાં છે. તેઓને ક્યારે ફિલ થયું કે કોઈએ નોટિસ કરીને તેમને જણાવ્યું કે તમે કોઈની કાર્બન કોપી જેવા છો. તેમને સેલિબ્રિટીના ડુપ્લિકેટ તરીકે ફિલ્મમાં કોઈ રોલ ઓફર થયા છે, તેઓને જ્યારે કોઈ સેલિબ્રિટીના નામથી બૂમ પાડે તો તેઓને કેવી ફીલિંગ્સ આવતી હોય છે, તેમણે ડીટ્ટો સેલિબ્રિટી જેવા લાગવા પહેરવેશમાં, બોલચાલની ભાષામાં, ચાલમાં કોઈ પરિવર્તન આણ્યું છે ખરી? તે જાણીએ...



## નરેન્દ્ર મોદીના હમશકલ છે, તેમની જેમ કુર્તા, પાયજામા, કોટી પહેરે છે

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હમશકલ રમેશ કામરા મૂળ હરિયાણા છે પણ 38 વર્ષથી સુરતમાં સ્થાયી થયા છે. તેમણે જણાવ્યું કે લોકો મને મોદીજી મોદીજી કહેતા હોય છે એને કારણે હવે તો હું મારુ પોતાનું નામ પણ ભૂલી ગયો છું. જો કોઈ મને મારા ઓરીજનલ નામથી બોલાવે અને મારું ધ્યાન નહીં હોય તો લોકોને એવું લાગે ઈગ્નોર કર્યું છે, 2014માં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સુરત એક હોસ્પિટલના ઉદ્ઘાટન પ્રસંગે આવ્યાં હતાં ત્યારે રોડ શૉમાં મારી તરફ લોકોનું ધ્યાન ગયું ત્યારથી મને લોકો નરેન્દ્ર મોદીના હમશકલ તરીકે ઓળખે છે. હું પણ મોદીજીની જેમ કુર્તા પાયજામાં, કોટી પહેરતો હોઉ છું. જોકે, મારા વાળ પુરેપુરા વ્હાઈટ નથી તો લોકો મને તેવા વાળ કરવાની સલાહ આપે છે પણ હું નેચરલ રહેવામાં માનું છું. નાના નાના બાળકોને તો એવું જ લાગતું હોય કે એમની સામે રિયલ નરેન્દ્ર મોદી ઉભા છે. એક વખત સુરતમાંથી 150 વ્યક્તિઓ નરેન્દ્ર મોદી સાથેના ફોટોસેશન માટે મને લઈ ગયા હતા. હવે દિવાળી પછી એમની સાથે વન ટૂ વન મળવાની કોશિશ કરવાનો છું. વિવેકાનંદ VS નરેન્દ્ર મોદી નામની ડોક્યુમેન્ટ્રી બની રહી છે તેમાં મેં મોદીજીની ભૂમિકા કરી છે.

## પરેશ રાવલના હમશક્લ તરીકે નવરાત્રી અને ગણેશ ઉત્સવમાં બોલાવે



હેરાફેરી ફિલ્મમાં બાબુરાવનું કેરેક્ટર તો બધા ને યાદ છે. બાબુરાવની ભૂમિકા પરેશ રાવલે નિભાવી છે. અલથાણ વિસ્તારમાં રહેતાં 35 વર્ષના પરેશ રાવલ જેવા દેખાતા કલ્પેશ પટેલ ટેકસટાઈલના બિઝનેસ સાથે સંકળાયેલા છે. તેમણે જણાવ્યું કે હું મિમિક્રી આર્ટિસ્ટ પણ છું. સ્કૂલમાં હતો ત્યારે પરેશ રાવલનો અવાજ કાઢતો પછી એક્ટિંગ ફિલ્ડમાં આવ્યો. કોરોના બાદ પરેશ રાવલનો બાબુરાવવાળો ડ્રેસઅપ કર્યો ત્યારથી લોકો મને પરેશ રાવલના હમશકલ છો એવું કહેવા લાગ્યાં. એને કારણે મને સારું કામ પણ મળે છે. હું સ્ટ્રીટ ફૂડ, સાયકલ, ફાસ્ટ ફૂડ રેસ્ટોરન્ટ માટે એડવર્ટાઈઝ કરું છું. લોકો સેલ્ફી લેવા આવી જતાં હોય છે અને કહેતા હોય છે કે પરેશ રાવલ જેવો જ સેમ લુક અને અવાજ છે. મને એમના હમશકલ તરીકે નવરાત્રી અને ગણેશ ઉત્સવ તથા સોસાયટીઓમાં કોઈ પ્રોગ્રામ હોય ત્યારે બોલાવતા હોય છે.



## અમિતાભ સમજીને મુંબઈમાં એક યુવતીએ ઓટોગ્રાફ માંગ્યો હતો

અમિતાભ બચ્ચનને સદીના નાયક કહેવાય છે તેમના હમશકલ (ડુપ્લીકેટ ) હર્ષદ જરીવાલા રામપુરા વિસ્તારમાં રહે છે. તેમણે જણાવ્યું કે, 'કોન બનેગા કરોડપતિ'ની શરૂઆત થઈ ત્યારે લોકો એ શો જોઈને પછી મને જોતા ત્યારે તો નાના બાળકો મારી સામે આંગળી ચીંધીને તેમના પેરેન્ટ્સને કહેતા આ કરોડપતિ સાથે હાથ મેળવો છે. લોકોના આ શબ્દો મને ખુશ કરે છે અને મારામાં પોઝિટિવ એનર્જીનો સંચાર કરે છે. હું રોજ અંબાજી મંદિરે જાઉ છું ત્યાં યંગસ્ટર્સ અમિતાભ ઉભા રહો અમારે તમારી સાથે સેલ્ફી લેવી છે કહેતા હોય. જોકે, હું આજ સુધી રિયલ અમિતાભને નથી મળ્યો અને મેં તે માટે કોશિશ પણ નથી કરી. અચાનક મળી જાય તેવી ખેવના રાખું છું. 15-20 વર્ષ પહેલાં મારી વાઈફનું મુંબઈમાં ઓપરેશન કરાવ્યું હતું ત્યારે હોસ્પિટલની કેન્ટીનમાં એક યંગ એજની યુવતી મારી પાસે આવી ઓટોગ્રાફ પ્લીઝ કહેવા લાગી. મેં કહ્યું હું અમિતાભ નથી તો તે છોકરી માનવા તૈયાર જ નહીં હતી. મને કહેવા લાગી મેં આપકી બહુત બડી ફેન હું.




## વર્કઆઉટ કરીને બોડી પણ સલમાન ખાન જેવું બનાવ્યું છે

38 વર્ષના સલમાન ખાન જેવા સાબીર શેખ બાઉન્સર છે તેમણે વર્કઆઉટ કરીને પોતાની બોડી પણ સલમાન ખાન જેવી જ બનાવી છે. તેઓ જણાવે છે કે, હું તો શિલ્પા શેટ્ટી, ગીતા મા, ઝરીન ખાનના સુરત અમદાવાદના પ્રોગ્રામમાં બોડીગાર્ડ પણ રહ્યો છું. તેઓ એક નજર મારી તરફ હું બાઈક પર જતો હોઉ ત્યારે કેટલાંક લોકો ચોંકી જતાં હોય છે. કોલેજ સ્ટુડન્ટ તો કહેતા હોય છે આપકે સાથ સેલ્ફી લેની હે હમારે ઈન્સ્ટા પેજ પર ફોટો અપલોડ કરને કે લીએ. એકવાર ટ્રેનમાં જતો હતો ત્યારે બે-ત્રણ યુવકોએ મને આવીને કહ્યું હતું આપકી બાતે હો રહી હે સલમાન ખાન જેસે દિખતે હો.



## સાઉથના હીરો ધનુષ જેવો લુક, એક વીડિયોના 20 લાખ વ્યૂ થયા

સાઉથના હીરો ધનુષની ફિલ્મ 'મારી' તમે જોઈ હશે. તેમાં ધનુષનો જે લુક જોવા મળ્યો તેવા લુકમાં સુરતમાં તમને પિંકેશ બરોડાવાલા જોવા મળી જશે. 35 વર્ષના પિંકેશ એક કમ્પનીમાં જોબ કરે છે. તેમણે જણાવ્યું કે એકવાર મારા ફ્રેન્ડે મને 'મારી' ફિલ્મ જોવા કહ્યું ત્યારે મને ખ્યાલ આવ્યો કે, ધનુષ જેવી બોડી અને લુક મારો છે. મેં પછી ફેસ સેટ કર્યો અને 'મારી' ફિલ્મમાં ધનુષ જેવો ફેસ મેં જન્માષ્ટમીમાં લોકોને દેખાડ્યો. લોકો કહેતા હોય છે કે સાઉથના હીરો ધનુષ જેવો લાગે છે. એને કારણે મને ઘણી ઈવેન્ટ્સમાં બોલાવવામાં આવે છે હમણાં ગણપતિ ઉત્સવમાં મુંબઈ ગયો ત્યારે ઘણા લોકોએ ધનુષ ધનુષની બુમો પાડેલી. મુંબઈમાં હાજી અલી, મરિન ડ્રાઈવ પર ઘણા લોકોએ મારી સાથે સેલ્ફી લીધી હતી, રિલ્સ અને વીડિયો બનાવ્યાં. મારી એક વિડીયોના 20 લાખ વ્યૂઝ પણ થયા હતાં. અલગ અલગ ઈવેન્ટ્સમાં મારી જે કમાણી થાય છે તેમાંથી હું લોકોને મદદ કરું છું, ડોગ્સ અને કેટ્સને ખવડાવું છું.

# નવરાત્રીમાં ટ્રેન્ડી ઠાઠ

# યુવકોના ડ્રેસ અને જ્વેલરીમાં પણ ટ્રેડિશન

LifeStyle Trends

બસ હવે નવલી નવરાત્રીને ગણી ગણીને બે દિવસ રહ્યા છે. એવામાં યંગસ્ટર્સમાં અનેરો ઉત્સાહ દેખાઈ રહ્યો છે. છે. નવરાત્રી શરૂ થવાના મહિનાઓ પહેલાં દોઢીયાની પ્રેક્ટિસ પણ થઈ ગઈ છે, નવે નવ દિવસના ટ્રેડિશનલ આઉટફિટ જ્વેલરી અને હેર એસેસરીઝનું શોપિંગ તો કેમ ભૂલાય? આ બધાથી રમવાની સાથે લોકોમાં વટ પાડવાનું મન માત્ર ફિમેલ્સ ને હોય છે એવું નથી મેલ્સને પણ કંઇ કમ ન સમજવું. તમને દીપિકા પાદુકોણ અને રણવીર સિંહની રામલીલા મૂવી યાદ છે ને ? એમાં રણવીરનો ટ્રેડિશનલ અવતાર હજી પણ ખેલૈયા યુવકોમાં ટ્રેન્ડિંગમાં છે. ટ્રેડિશનલ વર્ક વાળો દુપટ્ટો, કાનમાં ભરવાડ સ્ટાઇલની બુટ્ટી, માથા પર લાંબો રેડ તિલક બસ આ લુક સાથે ખેલૈયા યુવકોની જ્વેલરી, શૂઝ, કમરબંધમાં શું અટ્રેક્શન છે તે જાણીએ...



## ટ્રેડિશનલ ડ્રેસ પ્રમાણેના અલગ અલગ ડિઝાઇનના આકર્ષક કડા



ખેલૈયા યુવકો પણ પોતાના ટ્રેડિશનલ ડ્રેસને છાજે તેવા વજનદાર કડા પહેરવાનો શોખ ધરાવે છે. જય શ્રી રામ, જય શ્રી શ્યામ લખેલા કડા, સિલ્વરના 'V' શેપના, મોરની ડિઝાઈનના કડા અને બંજારા સ્ટાઈલના કડા ઉપરાંત વિન્ટેજ લાઈટ વેઈટ કડા વધારે પસંદ કરવામાં આવી રહ્યાં છે. હવે તો બોહો સ્ટાઈલના રોઅર સ્પિરિટ કડા પણ ખેલૈયા યુવકો માટે ડિઝાઈન કરાયા છે. ગળાના કડલા અને પગના કડલા પણ ટ્રેન્ડિંગમાં છે.

## પ્લેન કુર્તા પર આભલા, મોર, ફૂલપત્તિની ડિઝાઇનનું કરાવે છે વર્ક



હવે ખેલૈયા યુવકોમાં નવો અલગ જ ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે તે છે પ્લેન કુર્તા ખરીદીને તેની પર ટ્રેડિશનલ કલરફુલ વર્ક કરાવવાનો છે. મોરની ડિઝાઈન, ફૂલની ડિઝાઈનની એમ્બ્રોઈડરી ભરતકામ કરાવે છે. ટ્રેડિશનલ ડ્રેસમાં સજ્જ ગરબા રમી રહેલી યુવતીની ડિઝાઈનનું ભરતકામ કર્યા હોય તેવા કુર્તા પણ ટ્રેંડમાં આવ્યા છે.



## વિક્ટોરિયન યુગના ચેલ્સી શૂઝ ગરબા રમતીવેળા આરામદાયક લાગે



વિક્ટોરિયન યુગના ચેલ્સી બુટ નવરાત્રીમાં ઘણા ટ્રેન્ડિંગ બન્યા છે. આ બુટ ટાઈટ ફિટિંગવાળા અને લાંબા હોય છે. ગરબા રમતી વખતે તે મેદાન પરના નાના પથ્થર પગમાં વાગવાથી થતી ઈજાથી બચાવે છે અને કમ્ફર્ટેબલ હોવાથી તે ખેલૈયા યુવકોની પસંદ બનવા લાગ્યા છે. તે કોઈપણ આઉટફિટને સ્ટાઈલિશ બનાવે છે. ચેલ્સી શૂઝ માત્ર ખેલૈયા યુવકોની જ નહીં પણ યુવતીઓની પસંદ પણ બનવા લાગ્યા છે. કલરિંગ ટ્રેન્ડની ટ્રેડિશનલ વર્કની મોજડી અને કોલ્હાપુરી ચપ્પલ પણ ગરબા માટે યુવકોમાં ટ્રેન્ડી બની છે.

## મોતી, છીપલાના કમરબંધ ટ્રેડિશનલ આઉટફિટનું લુક એન્હાન્સ કરે છે



ભારતના ઈતિહાસ પર નજર કરવામાં આવે તો પ્રાચીન સમયથી કમરબંધનો ઉપયોગ સુંદરતા અને સમૃદ્ધિ દર્શાવવા થતો હતો. નવરાત્રીના લુકને હવે વધારે એટ્રેકટિવ બનાવવા કડિયા ઉપર કમરબંધ બાંધવામાં આવે છે અથવા નવરાત્રી સ્પેશ્યલ કુર્તા પાયજામામાં તેનો ઉપયોગ થવા લાગ્યો છે. તેમાં કોડી, છીપલા, મોતીનું વર્ક અને મિરર વર્ક આઉટફિટને વધારે એટ્રેકટિવ બનાવે છે.

## કોડીના હાર અને ટ્રાયબલ જવેલરી હારથી આઉટફિટ્સ લાગે છે ઔર સુંદર

ખેલૈયા યુવકોમાં ચંકી અને લેયર્ડ ડિઝાઈન કોડીના ટુકડાથી બનાવેલા હારનો ઉપયોગ કરી ગરબા માટે સ્ટાઈલિશ લુક ઊભો કરવાનો ટ્રેન્ડ થયો છે. ઓક્સીડાઈઝ સિલ્વરના લાંબા હાર પ્રાચીન અને આધુનિક લુક આપે છે. ટ્રાઈબલ જવેલરી હાર આરામદાયક અને એથનીક લુક આપે છે. આવા નેકલેસ હેન્ડમેડ વધારે પસંદ કરવામાં આવી રહ્યાં છે.

મેરી સુરત ટેઢી આંખે

ગજેન્દ્ર મજીઠિયા

'સુરત' - રંગરંગીલું, મનમોજીલું, સદા ધબકતું આપણું આ શહેર; સૌને અપનાવતું, સૌને આવકારતું અને સૌને સુરતી બનાવી દેતા આ શહેરને કોઈ વળી રાજ્યનું આર્થિક પાટનગર કહે, તો કોઇ એને તેની ખાણી-પીણી માટે જાણે, કોઈ તેને દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઓળખે, તો કોઈ તેની પચરંગી પ્રજાને કારણે મિનિ - ભારત તરીકે સંબોધે. આપણા આ માનીતા શહેરના અનેક, વિવિધ રૂપો આપણે જોઈએ છીએ, જાણીએ છીએ; તેની જીવનશૈલી જીવીએ છીએ, માણીએ છીએ. તો અહીં 'સિટીપલ્સ'માં શરૂ થતાં આ વિભાગમાં આપણાં જાણીતા આ જ સુરત શહેરને એક અલગ દ્રષ્ટીએ બતાવવા પ્રયાસ કરીશું. સુરતના સિદ્ધહસ્ત કલાકાર અને કાર્ટૂનિસ્ટ ગજેન્દ્ર મજીઠિયા તેમની વિશિષ્ટ શૈલીમાં સુરતના તથા તેની રોજિંદી જીવનશૈલીના આગવા પાસાંને તેમની ખટમિઠ્ઠી સાથે થોડી તિક્ષ્ણ નજરે પ્રસ્તુત કરશે. ચિત્રમાં ક્યારેક થોડું રમુજ જણાશે, તો ક્યારેક થોડું વ્યંગ જણાશે. હા, પણ સુરતીપણું હંમેશાં છલકાશે!...

## હતી જ્યાં નવરાત્રિમાં માતાજીના છુંદણાની બોલબાલા, કરાવી રહી છે ત્યાં ભાતભાતના ટેટુ, આજની બાળા...




એક તાળી કે બે તાળી, ગરબામાં કરાવતાં અમે છુંદણાની જાળી, લીલી ડિઝાઈન થતી અમ શરીરે, થતી માતાજીની કૃપા ન્યારી... હવે આવ્યો છે જમાનો ટેટુનો, અવનવા કલરની રંગોળીનો, પહેલા ભોંકાતી સોય, હવે આવ્યો છે જમાનો મશીનનો... થતા હતા છુંદણા જ્યાં હાથે, હવે દેખાય છે ટેટુ ખેલૈયાઓની પીઠે... હતા છુંદણા જે ભક્તિના પ્રતીક, હવે ટેટુ બન્યા છે દેખાડાની રીત... સમજો ભક્તો, માતાજી નથી પ્રસન્ન થતા છુંદણા કે ટેટુથી, તે તો વરસાવશે કૃપા માત્ર તમારી ભક્તિથી...